## ગુજરાત જાહેર સેવા આયોગ

**આર-૬ શાખા**

**જાહેરાત ક્રમાંક:-૧૦૨/૨૦૧૬-૧૭**, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકની **મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨** ની કુલ - ૫૦ જગ્યા માટે ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઈન અરજી તા: ૦૧-૧૨-૨૦૧૬ , ૧૩.૦૦ કલાક થી તા. ૧૬-૧૨-૨૦૧૬ , ૧૩.૦૦ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે.

(૨) આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની " જાહેરાતની સામાન્ય જોગવાઈઓ " અને ઓન લાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**જગ્યામું નામ:- મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ ની કુલ-૫૦** જગ્યા (નીચે દર્શાવ્યા મુજબ)

| ક્રમ | કેટેગરી | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવાર માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | બિન અનામત વર્ગ | ૨૬ | ૦૯ |
| ૨ | સા. શૈ. પ. વર્ગ | ૧૩ | ૦૪ |
| ૩ | અનુ . જાતિ | ૦૩ | ૦૧ |
| ૪ | અનુ .જનજાતિ | ૦૮ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૬ |

<u>નોંધ:-</u> **૧) શારીરિક અશકત ઉમેદવારો આ જગ્યા માટે અરજી કરી શકશે નહીં.**

**૨) માજી સૈનિક ઉમેદવારો માટે એક જગ્યા અનામત છે.**

૨) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારને ફાળવવામાં આવશે.

૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે, પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિનઅનામત કક્ષાના લાગું પડશે.

**શૈક્ષણિક લાયકાત**:-(ક) **ભારતમા કાયદાથી સ્થપાયેલ અથવા સંસ્થાપિત કોઇ** યુનિવર્સિટીની અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ યુનિવર્સિટી ગણાતી **શૈક્ષણિક સંસ્થાની** મિકેનિકલ એન્જીનિયરીંગની અથવા ઓટોમોબાઇલ એન્જીનિયરીંગની પદવી અથવા સરકાર આ અર્થે માન્ય કરે તેવી તેને સમકક્ષ પદવી ધરાવતો હોવો જોઇશે;

(ખ) ઉમેદવાર નિમણૂકની તારીખે (નિમણૂકના સમયે) હળવા મોટર વાહન માટેનું માન્ય ડ્રાઇવીંગ લાયસન્સ ધરાવતા હોવા જોઇએ.

(ગ) નીચે મુજબનુ લધુતમ જરૂરી શારીરિક માપદંડ ધરાવતો હોવા જોઇશે:-

## -: શારીરિક ધોરણ :-

**(૧)** (ક) તમામ પુરૂષ ઉમેદવારો, નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વ્યકિતઓના જુદા જુદા વર્ગો માટેના ધોરણો મુજબ શારીરિક રીતે યોગ્ય હોવા જોઇએ.

| વર્ગ | ઉંચાઇ | છાતી (લઘુત્તમ) * | | વજન |
|---|---|---|---|---|
| | | ફુલાવ્યા વગરની | ફુલાવેલી | |
| મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો | ૧૫૮ સેન્ટિમીટર | ૭૯ સેન્ટિમીટર | ૮૪ સેન્ટિમીટર | ૫૦ કિલોગ્રામ |
| અન્ય ઉમેદવારો (મુળ ગુજરાત ના અનુ. જનજાતિ સિવાયના) | ૧૬૨ સેન્ટિમીટર | ૭૯ સેન્ટિમીટર | ૮૪ સેન્ટિમીટર | ૫૦ કિલોગ્રામ |

* છાતી ફુલાવે ત્યારે તેનો લઘુત્તમ ઘેરાવો ૫ સેન્ટિમીટરથી ઓછો હોવો જોઇએ નહીં.

**(ખ)** તમામ **મહિલા** ઉમેદવારો, નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વ્યકિતઓના જુદાજુદા વર્ગો માટેના ધોરણો મુજબ શારીરિક રીતે યોગ્ય હોવા જોઇએ.

| વર્ગ | ઉંચાઇ | વજન |
|---|---|---|
| મૂળ ગુજરાતના અનુ. જનજાતિના **મહિલા** ઉમેદવારો | ૧૫૫ સેન્ટિમીટર | ૪૫ કિલોગ્રામ |
| અન્ય **મહિલા** ઉમેદવારો (મુળ ગુજરાતના અનુ. જનજાતિ સિવાયના) | ૧૫૮ સેન્ટિમીટર | ૪૫ કિલોગ્રામ |

**(૨)** જે ઉમેદવારો નીચેની શારીરિક ખામીઓ પૈકીની કોઇ એક અથવા વધુ ખામી ધરાવતા હોય તો તેવા ઉમેદવારો શારીરિક રીતે અયોગ્ય ગણાશે.

વાંકા ટીંચણ (Knoch Kneed), પિજન ચેસ્ટ ( Pigeon Chest - સાંકડી આગળ ઉપસી આવેલી છાતી) બાડી (ત્રાંસી) આંખ (Squint Eye), કમાન કે વળાંક વિનાના પગ (Flat Feet), કાયમની અતિશય ફૂલેલી નસ ( ખાસ કરીને પગમાં)(Varicose Veins), કાયમના નીચે વળેલા પગના અંગૂઠા (Hammer Tees), અસ્થિભંગ થયેલા શરીરના અવયવો (Fractured Limb), સડેલા દાંત(Decayed Teeth), સંચારી (ચેપી)/ ચામડીનો રોગ (Communicable / Skin Disease).

(3) એસએચએપીઇ આઇ ( SHAPE I) એટલે

એસ - મનોવૈજ્ઞાનિક (S - Psychological)

એચ – શ્રવણ (H - Hearing)

એ - સુસંઘટિત શરીરના અવયવો (A – Appendage)

પી - સામાન્ય કામ માટેની શારીરિક ક્ષમતા (P – Physical capacity for normal work)

ઇ - આંખની દ્રષ્ટિ (E - Eye sight)

આઇ -ઉપર જણાવેલા દરેક મથાળાના ભાગો હેઠળ સામાન્ય વ્યાવસાયિક કાર્ય કરવાના સંબંધમાં, તમામ બાબતોમાં યોગ્ય (I - meant fit in all respects to perform normal professional functions under each of the above mentioned heads.)

**(3)** ઉમેદવાર રંગઅંધ (Color Blind) ન હોવા જોઇએ અને ચશ્મા સાથે અથવા તે વિના સ્પષ્ટ દ્રષ્ટિ ધરાવતા હોવા જોઇએ;

**(૪)** ઉમેદવારે ઓન લાઇન અરજી કરતી વખતે આ જગ્યાના ભરતી નિયમો તેમજ ભરતી પરીક્ષા નિયમો મુજબ નિયત થયેલ શારીરિક પરિક્ષણના માપ ચોક્કસ રીતે દર્શાવવાના રહેશે. જે ઉમેદવારો રૂબરૂ મુલાકાતને પાત્ર થાય તેવા ઉમેદવારોએ તેમની લેખિત અરજીપત્રક અને અન્ય દસ્તાવેજો સાથે સીવીલ સર્જન અથવા સરકારી તબીબી અધિકારીનું, ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો મુજબ આ શારીરિક માપદંડ ધરાવતુ પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે. જે ઉમેદવારોને રૂબરૂ મુલાકાતને પાત્ર થાય, તે તમામ ઉમેદવારોની રૂબરૂ મુલાકાતના દિવસે, રૂબરૂ મુલાકાત લેતા પહેલા, આયોગની કચેરી ખાતે રાખેલ તબીબી અધિકારીઓની પેનલ દ્વારા ભરતી નિયમો તથા ભરતી પરીક્ષા નિયમોમા કરેલ જોગવાઇ મુજબ શારીરિક પરીક્ષણ કરાવવાનુ રહેશે. રૂબરૂ મુલાકાત માટે ઉપસ્થિત થતા ઉમેદવારો પૈકી જે ઉમેદવારો આયોગ ખાતેની તબીબી પેનલ દ્વારા ભરતી નિયમો તથા ભરતી પરીક્ષા નિયમો મુજબનુ શારીરિક પરિક્ષણ દરમ્યાન , શારીરિક માપ ધરાવતા માલુમ પડશે નહીં તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમા પ્રવેશ આપવામા આવશે નહીં, અને તેવા ઉમેદવારોની ઉમેદવારી આ ભરતી પ્રક્રીયામાથી રદ થયેલ ગણવામા આવશે. આવા ઉમેદવારોની રૂબરૂ મુલાકાત લેવામા આવશે નહીં. આ સુચનાની નોંધ તમામ ઉમેદવારોને લેવા જણાવવામા આવે છે.

**(ઘ)** ગુજરાતી અથવા હીન્દીનું અથવા બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવા જોઇશે;

**(ચ)**વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭થી ઠરાવ્યા મુજબની કોમ્પ્યુટરના ઉપયોગનું પ્રાથમિક જ્ઞાન ધરાવતો હોવો જોઇશે;

<u>પગારધોરણ</u>:- રૂ! ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ-પે રૂ! ૪૬૦૦)

<u>ઉંમર</u>:- ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વધુ વર્ષથી વધુ નહીં.

**<u>વયમર્યાદા:-</u>**

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબ ની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | **ફક્ત મૂળ ગુજરાતના સા. અને શૈ. પ. વર્ગ., અનુ જાતિ. અને અનુ જન જાતિ. ના ઉમેદવાર** | **પાંચ વર્ષ** |
| ૨ | **બિનઅનામત મહિલા ઉમેદવારો** | **પાંચ વર્ષ** |
| ૩ | **ફક્ત મૂળ ગુજરાતના સા. અને શૈ. પ. વર્ગ, અનુ જાતિ. અને અનુ જન જાતિ. ના મહિલા ઉમેદવાર** | **દશ વર્ષ (આ છુટછાટમાં મહિલાઓ માટેની છુટછાટ કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થાય છે, વધુમા વધુ ૪૫ વર્ષ સુધીની મર્યાદામાં રહેશે)** |
| ૪ | **માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ. સહિત** | **લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ વધુમાં વધુ ૪૦ વર્ષ સુધીની છુટછાટ મળશે.** |

| | |
|---|---|
| ૫ | **ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂંક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં. (૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂંક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any such post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં. (૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે** |

**અગત્યની જોગવાઇઓ:-**

(૧) ઓનલાઇન જાહેરાત માટે અરજી કન્ફર્મ કરીને **સામાન્ય વર્ગના** ઉમેદવારોએ પોસ્ટ ઓફિસમાં માત્ર પરીક્ષા ફી તથા પોસ્ટ ચાર્જની રકમ જ જમા કરાવવાની રહેશે.

(૨) ઉમેદવારોએ ઓનલાઇન જાહેરાત માટે અરજી કન્ફર્મ કર્યા બાદ કન્ફર્મ થયેલા અરજીપત્રકની નકલ તથા પ્રમાણપત્રો પોસ્ટ ઓફિસ કે આયોગની કચેરીમાં જમા કરાવવાના નથી. **અરજીની પ્રિંટ કાઢીને પોતાની પાસે રાખવા ખાસ સુચના આપવામાં આવે છે.**

**(૪) ઉમેદવારે અરજી પત્રક્મા કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનુ અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામા આવશે. તથા તેણે લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે**

(૫) અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી બદલવાની કોઇપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

(૬) અરજી સાથે **પરિશિષ્ટ-'ક' ને બદલે અનેક્ષર-એ(અંગ્રેજી)માં રજૂ કરેલ હશે તો પણ આવા ઉમેદવારોની અરજી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગની જગ્યા માટે કે બિનઅનામત જગ્યા માટે પણ માન્ય ગણવામાં આવશે નહીં.**

**પરીક્ષાની રૂપરેખા:**

**(૧)** લેખિત કસોટી અમદાવાદ/ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. ઉમેદવાર મિકેનિકલ એન્જિનિયરિંગ અથવા ઓટોમોબાઇલ એન્જિનિયરિંગ પૈકી જે વિષય લેખિત પરીક્ષામાં રાખવા માગતા હોય તે અરજીપત્રકમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

**(૨)** લેખિત કસોટીમાં કુલ બે પ્રશ્નપત્ર રહેશે. બંને પ્રશ્નપત્ર ઓબ્જેકટીવ ટાઇપ-મલ્ટીપલ ચોઇસ પ્રકારના રહેશે. પ્રશ્નપત્ર-૧ માં મિકેનિકલ એન્જિનિયરિંગ અથવા ઓટોમોબાઇલ એન્જિનિયરિંગ એમ બે વિષયો છે. જે પૈકી કોઇ એક વિષયનો વિકલ્પ ઉમેદવારે પસંદ કરવાનો રહેશે. આ પ્રશ્નપત્ર કુલ ૨૦૦ ગુણનું અને ૦૨ કલાકનું રહેશે.

**(3)** પ્રશ્નપત્ર-૨ કુલ-૧૦૦ ગુણનું અને ૧ કલાકનું રહેશે. જેમાં ભાગ-A તથા ભાગ–B એમ બે ભાગ રહેશે. ભાગ-A અંગ્રેજી ભાષાનું ૫૦ ગુણનુ રહેશે, જેમાં એક ગુણ વાળા ૫૦ પ્રશ્નો રહેશે. ભાગ-B ગુજરાતી ભાષાનું ૫૦ ગુણનુ રહેશે, જેમાં એક ગુણ વાળા ૫૦ પ્રશ્નો રહેશે.

(૪) પ્રશ્નપત્ર-૨ ના ભાગ- A નું ધોરણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના અંગ્રેજી વિષય (નિમ્ન સ્તર)ને સમકક્ષ રહેશે.

(૫) પ્રશ્નપત્ર-૨ ના ભાગ- B નું ધોરણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના ગુજરાતી વિષય (ઉચ્ચ સ્તર)ને સમકક્ષ રહેશે.

(૬) લેખિત કસોટીમાં અરજીઓની ચકાસણી કર્યા સિવાય તદ્દન કામચલાઉ ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

(૭) લેખિત કસોટીના પરિણામમાં પ્રશ્નપત્ર-૧ માં યોગ્ય સ્કેલિંગ ફોર્મ્યુલા અપનાવીને તૈયાર કરવામાં આવશે.

(૮) આ પરીક્ષાનું સૌપ્રથમ કામચલાઉ પરિણામ બહાર પાડવામા આવશે. આ કામચલાઉ પરિણામમાં સફળ જાહેર કરવામા આવેલ તમામ ઉમેદવારોના પ્રમાણપત્રો તથા અન્ય બાબતોની ચકાસણી ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઇ અનુસાર કરવામા આવશે. આ ચકાસણીમા શારિરીક પરિક્ષણની ચકાસણીનો પણ સમાવેશ થાય છે. આ તમામ ચકાસણી બાદ જગ્યાની સંખ્યાને ધ્યાને લઇ આખરી પરીણામ જાહેર કરવામાં આવશે. આખરી પરીણામમાં સફળ થયેલ ઉમેદવારોની  રૂબરૂ મુલાકાત યોજવામા આવશે. આ રૂબરૂ મુલાકાતના કુલ ૨૫ ગુણ રહેશે.

(૯) લેખિત કસોટીમાં સફળ થયેલા ઉમેદવારોએ અરજીપત્રક તેમજ નીચેના જરૂરી પ્રમાણપત્રો કામચલાઉ પરિણામ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭ માં** **<u>આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.</u>**

(૧) એસ.એસ.સી.ઇ.પ્રમાણપત્ર ( જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય ).

(૨) સ્નાતકની પદવીનું ગુણપત્રક તથા પ્રમાણપત્ર

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુ.જાતિ તથા અનુ. જન જાતિ વર્ગ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ પરિશિષ્ટ "ક" માં ગુજરાતીમાં આપવામાં આવતું પ્રમાણપત્ર, જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૦૧-૦૪-૧૬ થી અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર, (નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ની આવકને ધ્યાનમાં લઇને મેળવેલું) અંગ્રેજીમાં આપવામાં આવતું  Annexure-A માન્ય ગણવામાં આવશે નહિ

(૫) સિવિલ સર્જન અથવા સરકારી તબીબી અધિકારીનું પ્રમાણપત્ર.

(૬) ઉમેદવારે નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટ / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(૭) વિધવા ઉમેદવારનાં કિસ્સામાં બીજા લગ્ન કરેલાં નથી તેવું સોગંદનામું

(૮) ઉમેદવારોએ ઉપરોક્ત વિગત મુજબના  રજુ કરેલ પ્રમાણપત્રો તથા અન્ય બાબતોની ચકાસણી ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઇ અનુસાર કરવામાં આવશે. જેમાં જે ઉમેદવારો નિયત વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત વગેરે ધરાવતા નહીં હોય તે ઉમેદવારોને ભરતી પ્રક્રિયા માટે અયોગ્ય ગણીને અપાત્ર કરવામાં આવશે.

(૯) લેખિત પરીક્ષાનુ ગુણપત્રક મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ રૂ! ૫૦-૦૦ ની ફી ભા.પો.ઓ./ રોકડેથી લેખિત પરીક્ષાનુ આખરી પરીણામ પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ ની અંદર આયોગમાં જમા કરાવવાની રહેશે.

**નોંધ:**

(૧) રૂબરૂ મુલાકાતમાં જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાથી ત્રણ ગણા ઉમેદવારોને બોલાવવામા આવશે.

(૨) જો યુનિવર્સીટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/ આધાર અરજી સાથે   રજૂ કરવાના રહેશે.

(૩) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સીટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર / પૂરાવા રજૂ કરવાના રહેશે, તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામા લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

**અરજી ફી:** -બિનઅનામત ઉમેદવારોએ રૂ. ૧૦૦/- અરજી ફી ભરવાની રહેશે. મૂળ ગુજરાતના અનામત કક્ષાના અને શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ  ફી ભરવાની નથી તથા અન્ય રાજયના અનામત વર્ગના ઉમેદવારોએ ફી ભરવાની રહેશે.

(એસ. એસ. પટવર્ધન)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**On Line applications are invited for the posts of MOTOR VEHICLE INSPECTOR- Class-2 (Advt. - 102/ 2016-17) between date 01/12 /2016, 13.00 Hrs. to date 16/12/2016, and 13.00 Hrs.**

**(2) Candidates are instructed to visit Notice Board or the Web site of Commission https://gpsc-ojas.gujarat.gov.in for all provisions of advertisement, General Instructions, and the method of on line application.**

**Total No. of vacancy: - 50 (As Under)**

| No. | Category | Total vacancy | Out of total Post reserved for Women |
|---|---|---|---|
| 1 | GENERAL | 26 | 09 |
| 2 | S.E.B.C. | 13 | 04 |
| 3 | S.C. | 03 | 01 |
| 4 | S.T. | 08 | 02 |
| | Total | 50 | 16 |

**Note: - The disabled candidates are not eligible for this post. One post is reserved for Ex-serviceman.**

**E.Q :- (A) (1)** Possess a Degree in Mechanical Engineering or Automobile Engineering obtained from a University established or incorporated by law in India or an institution deemed to be University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized as such by the Government for this pupose.

(B) Have a valid light motor vehicle driving license on the date of appointment.

(C) Have a minimum requisite standard of physique as specified below:

## -: Physical Standards:-

**(1)** **(A)** –All Male candidates should be Physically fit as per Standards for different classes of persons as specified below:

| Class | Height | Chest (minimum) * | | Weight |
|---|---|---|---|---|
| | | Deflated | Inflated | |
| Scheduled Tribes of Gujarat origin | 158 Centimeters | 79 Centimeters | 84 Centimeters | 50 Kilogram |
| Other Candidates (Except Scheduled Tribes of Gujarat origin) | 162 Centimeters | 79 Centimeters | 84 Centimeters | 50 Kilogram |

* Minimum expansion of chest when Inflated shall not be less than 5 Centimeters

**(B)** –All Female candidates should be Physically fit as per Standards for different classes of persons as specified below:

| Class | Height | Weight |
|---|---|---|
| Scheduled Tribes of Gujarat origin | 155 Centimeters | 45 Kilogram |
| Other Candidates (Except Scheduled Tribes of Gujarat origin) | 158 Centimeters | 45 Kilogram |

(2) Candidates who have got any one or the following physically defects shall be considered Physically unfit.

Knock kneed, pigeon Chest, Squint Eye, Flat feet, Varicose Veins, Hammer Tees, Fractured Limp, Decayed Teeth, Communicable / Skin Disease.

(3) S H A P E I Means-

| | |
|---|---|
| S | Psychological |
| H | Hearing |
| A | Appendage |
| P | Physical capacity for normal work |
| E | Eye sight meant fit in all respects to perform normal professional functions under each of the above mentioned heads. |

(4) A candidate shall not be color blind and have clear vision with or without glasses.

(Above mentioned physical standatrds will be verified at commission's office)

(D) Possess adequate knowledge of Gujarati or Hindi or both.

**(E)** Possess the basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Service Classification and Recruitment (General) Rules, 1967 as amended from time to time.

**PAY:-** Rs. 9300-34800 (Grade Pay Rs. 4600)

**AGE:-**Not less than 21 years and not more than **35** years. Age will be calculated on the last date of the receipt of application.

**Upper Age limit shall be relaxed as under:**

| | | |
|---|---|---|
| 1 | S.C, S.T. and S.E.B.C. Category Candidates | 05 Years |
| 2 | Women Candidates belonging To Unreserved Category | 05 Years |
| 3 | Women Candidates belonging To S.C., S.T. and S.E.B.C. category | 10 Years (maximum up to 45 years. Inclusive Five years relaxation for women) |
| 4 | Ex-serviceman, including E.C.O./ S.S.C.O. | Length of Military Service plus 03 years (maximum 40 years of age) |
| 5 | A candidate who is already in Gujarat Govt. service, either as a permanent or a Temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the advertised post at the time of his first appointment. | **(i) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.**<br>**(ii) If experience is not prescribed as one of the qualifications and a Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.**<br>**(iii) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servant who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less.** |

**Important provisions:**

**(1**) There will be a written test for selection. There will be two question paper in written test which is objective and multiple choice type.

**(2)** The Question Paper-1 will be of either Mechanical Engineering or Automobile Engineering of 200 marks ans 200 questions with 120 minutes duration. Question paper-2 will be of two parts with 60 minutes duration. Part A will be of Gujarati language of 50 marks and Part-B will be of English language of 50 marks. Each Part will consist of 50 Questions each of one marks in Question paper -2. Candidates have to give an option in the application form for Mechanical Engineering or Automobile Engineering subject. The medium of written test shall be English except for Part-B of Question Paper -2 of the written test. The interview test will be of 25 marks.

**(3)** Entry in written examination is provisional and without any scrutiny of the application.

**(4)** Result of Question paper -1 will be prepared by using suitable scaling formula.

**(5)** Candidature of the candidates not possessing eligibility criteria prescribed in the advertisement/ recruitment rules will be cancelled at any stages of the selection procedure.

**(6)** The Commission shall declare the Provisional result of written examination. Three times the number of category wise candidates will be considered for the interview of the advertised posts. The successful candidates in written test will have to submit printed copy of his/her application form along with necessary certificates within 7 days from declaration of the provisional result to the Commission.

**Note**:

(1) There will be written test for all the vacancies mentioned in the advertisement. Tentative date for the written test is 26-03-2017. For syllabus of written Test please refer the commission's website **http://gpsc.gujarat.gov.in.**

(2) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

(3) The candidates having qualification from foreign University Should produce necessary documents /proof regarding the recognition/equivalence of their degree.

**Application fee:** Candidates of General Category have to pay Rs.100/- as Application fee. While candidates of Reserved Category of Gujarat State & candidates who are physically disable have not to pay application fee. While candidates of Reserved Category of Other States have to pay application fee.

(S. S. Patwardhan)
Joint Secretary
Gujarat Public Service Commission

| જાહેરાતની સામાન્ય જોગવાઈ |
|---|

૧. નાગરિકત્વ:-

ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા (ઘ) તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ ,અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન,(બાંગ્લાદેશ) બર્મા (મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

૨. ભરેલા અરજીપત્રક:-

ઓનલાઇન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક ઉમેદવારે ઓન લાઈન જાહેરાતની અરજી કરવાની રીત ક્રમાંક: ૧૫ અને ૧૬મા સુચવેલ (ઉમેદવારીને સંબધિત) પ્રમાણપત્રો/અને લાગુ પડતા આધાર પુરાવાની પ્રમાણિત કરેલ નકલો ક્રમાંનુસાર અચુક જોડીને જાહેરાતમાં દર્શાવેલ વિગતો મુજબ સંપુર્ણ અરજીપત્રક પ્રાથમિક કાસોટીનું કામચલાઉ પરિણામ પ્રસિધ્ધ થયાની તારીખથી નિર્ધારીત સમય મર્યાદામા આયોગમાં જમા કરાવવાના રહેશે. જો તે પૈકી કોઈપણ પ્રમાણપત્ર કે આધાર પુરાવા જોડવામા આવેલ નહીં હોયતો અરજી અધુરી ગણી રદ કરાશે

ખાસ અગત્યની સુચના :- સંપુર્ણ અરજીપત્રક નિર્ધારીત તારીખની સમય મર્યાદામા આયોગમાં જમા થઈ ગયા બાદ નહીં જોડેલ ખુટતા પ્રમાણપત્ર મોકલવામા આવશે કે તે સ્વિકારવા બાબતે કોઈપણ રજુઆત કે પત્ર વ્યવહાર કરવામા આવશે તો આયોગ દ્વારા વિચારણામા લેવાશે નહીં

અરજી ફી:

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ

(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૩) મૂળ ગુજરાતના બિનઅનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૩) શારીરિક રીતે અશક્ત ઉમેદવારે ફી ભરવાની નથી.

૩. ઓનલાઇન જાહેરાત માટે નીચેની જોગવાઇ લાગુ પડશે.

(1) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(2) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(3) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(4) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામત ધોરણો લાગુ પડશે.

(5) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(6) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી,આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(7) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે..(દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

## ૪. જન્મ તારીખ:

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખેલ છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............ છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

૫. શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શાળા/કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૬. અનુભવ :-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.અરજી કર્યા પછી અનુભવના નવા પ્રમાણપત્રો સ્વિકારવામાં આવશે નહી.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફૅકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:-

(૧) ફક્ત મૂળગુજરાત્ના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રક અને પરિશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક)(ગુજરાતીમાં) ના નમુનામાં તા.૩૧-૦૩-૨૦૧૬ના રોજ પૂરા થયેલ ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષની આવકને ધ્યાને લઈને આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પરિશિષ્ટ (ક)(ગુજરાતીમાં) તા. ૦૧-૦૪-૨૦૧૬ના રોજ અથવા ત્યારબાદ ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમા સક્ષમ અધિકારીએ આપેલ હોવું જોઈએ.

(ખ) ઉન્ન્ત વર્ગમા સમાવેશ ન થતો હોવા અંગેનુ પ્રમાણપત્ર માતા-પિતાની આવકના સંદર્ભમા આપવામા આવતું હોવાથી આ પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરતી વખતે ઉમેદવારના માતા-પિતાની આવકમા ફેરફાર થતો હોયતો ઉમેદવારે/અરજદારે સ્વયં આવા વધારા- ઘટાડાની પ્રમાણિક જાહેરાત પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી સમક્ષ કરવાની રહેશે. આ રીતે સક્ષમ અધિકારીને જાણ કર્યાબાદ સક્ષમ અધિકારીએ જે નિર્ણય લીધેલ હોય તેની જાણ આયોગની કચેરીને કરવાની રહેશે જે ઉમેદવાર/અરજદાર આવી સ્વૈચ્છિક જાહેરાત ન કરીને આવકમા વધારો છુપાવશે તો તેને મળેલો લાભ રદ કરવામા આવશે અને આયોગ દ્વારા કરવામા આવતી કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે.

(ગ) પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે, જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

(ઘ) અરજી સાથે પરિશિષ્ટ (ક) ના બદલે એનેક્ષર-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમકે Annexure-A ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે.

(ચ) જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ (ક)) અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૮. માજી સૈનિક:-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

૯. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો:-

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો આ જગ્યા માટે અરજી કરી શકશે નહીં.

૧૦. મહિલા ઉમેદવાર:-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

૧૧. વિધવા ઉમેદવાર:-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય,પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયા ની તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયા ના કોઈ પણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકે ના લાભ આપવામાં આવશે .

૧૨. ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૧૩. ગેરલાયક ઉમેદવાર:-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૪. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

૧૫. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) ઉમેદવારે ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક (બારકોડ વાળું)ની સ્પષ્ટ અને સ્વચ્છ નકલ ડાઉનલોડ કરવાની રહેશે. જેમાં ફોટોગ્રાફ, સહી સહિત વંચાય તેવી વિગતો હોવી જોઇએ. ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.

(૨) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઈ.નું પ્રમાણપત્ર (જન્મ તારીખનો દાખલો કે શાળા છોડયાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં)

(૩) જાતિનું પ્રમાણપત્ર (અનુ.જાતિ, અનુ.જનજાતિ, અને સા. અને શૈ.પ. વર્ગના ઉમેદવારો માટે)

(૪) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમૂના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ- કના વિકલ્પે અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિં. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરિણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(૫) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સા.વ.વિના તા: ૦૧.૧૨.૨૦૦૮ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(૬) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(૭) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(૮) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(૯) વર્ગ-૩ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર ( જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં )

(૧૧) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(૧૦) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(૧૨) અનુસ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(૧૩) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૪) તબીબી, દંતવિષયક અને પશુચિકિત્સા વિષયક જાહેરાતો માટે ઇન્ટર્નશીપ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર(જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૫) જે જાહેરાતમાં કાઉન્સિલનું રજિસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં સંબંધિત કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન કરાવેલ હોય તે નોંધણી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૬) પીએચડી પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૭) નેટ/સ્લેટ પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૮) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોયતો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(૧૯) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨૦) સરકારી કર્મચારીના સબંધમાં “ના-વાંધા પ્રમાણપત્ર”

(૨૧) અનુભવના પ્રમાણપત્રો (જાહેરાત મુજબ જરૂરી હોય તો ક્રમાનુસાર મેળવેલ અનુભવ, લાગુ પડતા સંવર્ગના કાર્યકાળની શરૂઆતથી પગારની વિગત, ફરજ/કામના પ્રકાર દર્શાવવાના રહેશે.)

(૨૨) સંશોધનપત્રો (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૨૩) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફીની ઝેરોક્ષ નકલ

(૨૪) શારીરિક માપ અંગેનું તબીબી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૨૫) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો.

## ૧૬. રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકીટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની

સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.   (૩)  રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.
(૪)  ઇન્ટરવ્યુ કમિટી દ્વારા રૂબરૂ મુલાકાતમાં ઉમેદવારોના એકંદર દેખાવ (Overall Performance)ને ધ્યાને લેવામાં આવશે અને ઇન્ટરવ્યુ કમિટી ઇન્ટરવ્યુ દરમ્યાન ઉમેદવારના Overall Performance ને ધ્યાનમાં રાખીને ચર્ચા વિચારણા કર્યા બાદ સર્વાનુમતે ગુણ આપશે

૧૭ .  નિમણૂક:-

(૧)  ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ  થયેલા ઉમેદવારની સરકારશ્રીના  સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે.આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.
(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી  દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે  નહીં.
(૩)  ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ/ ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા  હેઠળની  કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે,તેમણે રજુ કરેલા  પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

૧૮.   ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં:-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,
(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,
(૨) નામ બદલીને પરીક્ષા આપવી,
(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,
(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય ,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય ,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી , જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી , પુસ્તક , ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી , કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી , અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપો આપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે , અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

<u>નોંધ :</u> આયોગ સાથેના પત્રવ્યવહારમાં ઉમેદવારે તેઓના ફોરવર્ડીંગ પત્રમાં જગ્યાનું નામ, જાહેરાત ક્રમાંક/વર્ષ, તેઓની જન્મ તારીખ અને બેઠક ક્રમાંક/ રૂબરૂ મુલાકાતનો ક્રમાંક આપેલ હોય તો તેની વિગતો અચૂક દર્શાવવી

(એસ.એસ.પટવર્ધન)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

**Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-**

આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા:- ૦૧- ૧૨- ૨૦૧૬, ૧૩.૦૦ કલાક થી તા: ૧૬- ૧૨ -૨૦૧૬, ૧૩.૦૦ કલાક સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૭) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) Apply On line Click કરવું. આ પ્રમાણે click કરવાથી (1) More Details તથા (2) Apply Now બટન દેખાશે. સૌપ્રથમ More Details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો. અને ત્યારબાદ Apply Now બટન ક્લિક કરવું.

(૩) **મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨**, ઉપર click કરવાથી જગ્યાની વિગતો મળશે

(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp.પર "click" કરી Details ભરવી.

(૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી. જે વધારાનો અનુભવ ojas module માં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર ojas માં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

(૯) તેની નીચે "Self declaration" માં Yes / No પર click કરવું.

(૧૦) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે, આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો. અહીં, photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo

અને signature .jpg Formatમાં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Browse" Button ની બાજુમાં "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ. અરજી **confirm** થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. **Confirm application** પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં **"confirmation number" generate** થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની અરજી ફી નીચેના બે વિકલ્પ પૈકી કોઇપણથી ભરી શકે છે.

**૧. પોસ્ટ ઓફિસમાં:-** સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઇને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જ **તા. ૧૬-૧૨-૨૦૧૬, ૧૩:00** કલાક સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

**૨. ઓનલાઇન ફી :-** જમા કરાવવા માટે "Print Challan" ઉપર કલીક કરવું. અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of fee" ઉપર કલીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking for fee" અથવા " Other Payment Mode"ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું Screen પર લખાયેલું આવશે અને E-Receipt મળશે. જેની Print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

**(૧૫) સામાન્ય કેટેગરીના ઉમેદવારોએ આ ચલણ/ E-Receipt તથા confirm થયેલ અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રો સ્વયં પ્રમાણિત કરીને, નીચે મુજબ લાગુ પડતા ક્રમાંનુસાર અચુક જોડીને આયોગને કામચલાઉ પરિણામ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.**

**(૧) On line confirm થયેલ અરજીપત્રક. (૨) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ.નું પ્રમાણપત્રની નકલ (જન્મનો દાખલો કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ (૩) નિયત શૈક્ષણિક લાયકાતના ડીગ્રી પ્રમાણપત્રની નકલ (૪) ડીગ્રીના અંતીમ વર્ષની માર્કસીટની નકલ (૫) અનુભવના**

**પ્રમાણપત્ર નકલ ( જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો) (૬) સંશોધન પત્રો (જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો) (૭) નામ/અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/પરણીત મહિલા ઉમેદવારે મેરેજ રજીસ્ટ્રેશનની નકલ (૮) વિધવા મહિલા ઉમેદવારના કિસ્સામા પુન: લગ્ન કર્યા નથી તેવી એફીડેવીટની નકલ (૦૯) અન્ય લાગુ પડ્તા હોય તેવા આધાર/ પુરાવા.**

**(૧૬) અનામત વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેશે નહીં અને તેઓએ અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રો સ્વયં પ્રમાણિત કરીને, નીચે મુજબ લાગુ પડતા ક્રમાંનુસાર અચુક જોડીને આયોગને કામચલાઉ પરિણામ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.**

**(૧) On line confirm થયેલ અરજીપત્રક (૨) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી ક્રેડીટ સર્ટીની નકલ (૩) જાતિ પ્રમાણપત્રની નકલ (૪) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે નિયત થયેલ સમય ગાળામા મેળવેલ નિયત થયેલ પરિશિષ્ટ-ક મુજબનું/નવા નિયત થયેલ નમુના- પરિશિષ્ટ- (૪) નોન ક્લીમીલેયર પ્રમાણપત્ર(અંગ્રેજી)મા અપાતુ એનેક્ષર-એ માન્ય નથી. (૫) નિયત શૈ.લા ના ડીગ્રી પ્રમાણપત્રની નકલ (૬) ડીગ્રીના અંતીમ વર્ષની માર્કસીટની નકલ (૭) અનુભવના પ્રમાણપત્ર નકલ (જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો) (૮) નામ/અટકમા ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/પરિણીત મહિલા ઉમેદવારે મેરેજ રજીસ્ટ્રેશન નકલ (૯) વિધવા મહિલા ઉમેદવારના કિસ્સામા પુન: લગ્ન કર્યા નથી તેવી એફીડેવીટની નકલ (૧૦) અન્ય લાગુ પડતા હોય તેવા આધાર/પુરાવા.**

**(૧૭)** દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ્દ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**અરજી ફી** :

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી+પૉસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવી ને અરજીપત્રક સાથે જોડીને રજુ કરવાનું રહેશે. અને જો ફી ઓન લાઈન ભરેલ હોય તો **e-receipt ની"Print" કાઢી લેવાની રહેશે અને** અરજીપત્રક સાથે જોડીને રજુ કરવાની રહેશે

(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી

(૩) શારીરિક રીતે અશક્ત ઉમેદવારે ફી ભરવાની નથી

(૪) અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં. તે સિવાયના ધોરણો બિન અનામત વર્ગના લાગુ પડશે.

(૫) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. **ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને** કોઇ પણ સંજોગોમાં **પ્રાથમિક કસોટી/રૂબરૂ મુલાકાત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.. આ ફી ફક્ત પોસ્ટ**

ઓફિસ કે ઓનલાઇન પધ્ધિતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યા ના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

નોંધ : મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨, ની જગ્યાના ભરતી નિયમો, પરિક્ષા નિયમો, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી , વય મર્યાદામાં છુટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ'ક' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસબોર્ડ અને આયોગની વેબસાઈટ http://gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે.

(એસ. એસ. પટવર્ધન)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

તા.- -૧૧-૨૦૧૬